# ફોર્મ નં. – ૯
## (નિયમ- ૭)
# વપરાશ અંગેનું પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, **પી.એસ.વાય ઓર્ગેનાઇઝરએ નામની ભાગીદાર પેઢીના વહીવટ કર્તા ભાગીદારશ્રી નિલય છોટુભાઇ દેસાઇને રહેણાંક તથા વાણિજ્ય હેતુસર,** નગર રચના યોજના નં.૦૯ (વાસણા હડમતીયા-સરગાસણ-ઉવારસદ-તારાપુર-વાવોલ), (જુનો સર્વે નં: ૬૩૩/૧,૬૩૪/૧,૬૫૫/૨) (નવો સર્વે નં:૨૭૮૭,૨૭૯૦,૨૮૨૧), મોજે.ઉવારસદ,તા.જી. ગાંધીનગર મુળખંડ નં.૭૯,૮૨,૧૧૪, અંતિમખંડ નં.૭૯+૮૨+૧૧૪, ના કે જે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવે છે.જેમાં તા.૨૨/૦૧/૧૯, ની આપની અરજીનાં સંબંધે અત્રેથી તા.૧૪/૦૩/૧૯ ના રોજ કરાયેલ સ્થળ નિરીક્ષણ મુજબ નીચે દર્શાવેલ મુજબની હયાત સ્થળ સ્થિતિની વિગત માલુમ પડે છે.

ઉપરોક્ત બાંધકામ લાયસન્સની આર્કીટેકટ/એન્જિનીયરશ્રી **ઝંખના.બી.પંડયા** ની દેખરેખ હેઠળ,કરવામાં આવેલ છે.સદર વિકાસ, જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન તથા અત્રેથી આપવામાં આવેલ રિવાઇઝડ વિકાસ પરવાનગી ક્રમાંક: પી.આર.એમ/ઉવારસદ/૨૪/૦૨/૨૦૧૬/ ૩૪૭૨/૨૦૧૮,તા.૦૨/૦૬/૨૦૧૮ માં રાખેલ શરતો પ્રમાણે હોઇ, અત્રેથી આપેલી રિવાઇઝડ વિકાસ પરવાનગીમાં સુચિત કરેલ **બેઝમેન્ટ+હોલોપ્લીન્થ+ગ્રાઉન્ડ ફ્લોર(એસ.પી)+ફર્સ્ટ ફ્લોર+સેકન્ડ ફ્લોર+થર્ડ ફ્લોર+ફોર્થ ફ્લોર+ફીફ્થ ફ્લોર+સીક્સ્થ ફ્લોર+સેવન્થ ફ્લોર+સ્ટેર કેબીન+લીફ્ટ મશીનરુમ તથા ઓવરહેડ ટાંકી મળી કુલ-રહેણાંક-૧૭૮+ વાણિજ્ય-૩૯=૨૧૭** એકમ પુરતી જે નીચે દર્શાવેલ હેતુ માટે આ સાથેની શરતોને અધિન સ્થળે થયેલ બાંધકામને વપરાશનું પ્રમાણપત્ર આપવામાં આવે છે

કામનું વર્ણન :

| ક્રમ | ફ્લોર(માળ) | બાંધકામ(બિલ્ટઅપ) નું ઉપયોગી ક્ષે. (ચો.મી) | બાંધકામનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૦૧ | બેઝમેન્ટ | ૫૪૯૧.૩૨ | પાર્કિંગ | --- | અગાઉ અત્રેની કચેરી ના પત્ર નં: પી.આર.એમ/ ઉવારસદ/૨૪/૦૨/ ૧૬/૩૪૭૨/૨૦૧૮, તા:૦૨/૦૬/૨૦૧૮ ના રોજ રહેણાંક-૧૭૮+ વાણિજ્ય-૩૯ એમ કુલ-૨૧૭ એકમની રિવાઇઝડ વિકાસ પરવાનગી અપાયેલ છે |
| ૦૨ | હોલોપ્લીન્થ | ૧૮૨૩.૪૯ | પાર્કિંગ | --- | |
| ૦૩ | ગ્રાઉન્ડ ફ્લોર (એસ.પી) | ૯૫૧.૮૩ | વાણિજ્ય | ૩૯ | |
| ૦૪ | ફર્સ્ટ ફ્લોર | ૨૬૦૮.૨૯ | રહેણાંક | ૨૮ | |
| ૦૫ | સેકન્ડ ફ્લોર | ૨૬૦૮.૨૯ | રહેણાંક | ૨૮ | |
| ૦૬ | થર્ડ ફ્લોર | ૨૬૦૮.૨૯ | રહેણાંક | ૨૮ | |
| ૦૭ | ફોર્થ ફ્લોર | ૨૬૦૮.૨૯ | રહેણાંક | ૨૮ | |
| ૦૮ | ફીફ્થ ફ્લોર | ૨૬૦૮.૨૯ | રહેણાંક | ૨૮ | |
| ૦૯ | સીક્સ્થ ફ્લોર | ૨૪૨૧.૯૦ | રહેણાંક | ૨૬ | |
| ૧૦ | સેવન્થ ફ્લોર | ૧૨૧૬.૫૨ | રહેણાંક | ૧૨ | |
| ૧૧ | સ્ટેર કેબીન | ૩૧૧.૫૮ | --- | --- | |
| ૧૨ | લીફ્ટ મશીનરુમ તથા ઓવરહેડ ટાંકી | ૧૯૨.૫૨ | --- | --- | |
| | કુલ : | ૨૫૪૫૦.૬૧ | રહેણાંક+વાણિજ્ય | રહેણાંક-૧૭૮+ વાણિજ્ય-૩૯=૨૧૭ | |

નોંધ: માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.

ક્રમાંક:પીઆરએમ/ઉવારસદ/૨૪/૦૨/૨૦૧૬/ 4151 /૨૦૧૯

વપરાશ: રહેણાંક તથા વાણિજ્ય

તારીખ : 11/4/19

Dt. 11/4/19

જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

# શરતો

(૧) જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન ની જોગવાઇ અનુસાર ઇમારતી સાચવણી,જાળવણી અને મરામત વખત કરવાની ખાસ શરતે વપરાશનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(૨) પ્રવર્તમાન અથવા જે તે સમયના કાયદા અન્વયે ભરવાના થતા સત્તામંડળ અને સ્થાનિક સંસ્થાના કરવેરા ભરવાના રહેશે.

(૩) ભવિષ્યમાં સદરહું વિસ્તારની નગર રચના યોજના હેઠળ જમા કરાવવાનો થતો નગર રચના યોજનાની દરખાસ્ત મુજબનો નેટ ડીમાન્ડ, ડ્રેનેજ ચાર્જ તથા અન્ય ફી, ડીપોઝીટ વિગેરે જમા કરાવવાની રહેશે.

(૪) વપરાશના હેતુમાં ફેરફાર કરતાં પહેલાં પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૫) આ બાંધકામનો વપરાશ પર્યાવરણને હાનીકારક અને ઉપદ્રવકારી ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે. તેમજ આસપાસના વિસ્તાર અને વિસ્તારના રહીશોને અસુવિધારુપ કે મુશ્કેલીરુપ ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે.

(૬) પાર્કિંગ માટે ખુલ્લા રાખેલા ક્ષેત્રફળના માપ કે ઉપયોગમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહીં.

(૭) હાલે સ્થળ ઉપરના હયાત માર્જીન, સ્ટેરકેસ, લીફટ, કોમન પ્લોટ વિગેરે જેવા સહિયારા વપરાશ માટે મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલા તમામ ખુલ્લી જગ્યા કે બાંધકામવાળી જગ્યાના માપમાં કે ઉપયોગમાં કોઇ ફેરફાર કરવાનો રહેશ નહીં.

(૮) આ પ્રમાણપત્રથી બાંધકામની તેમજ બાંધકામ માટે વપરાયેલ માલ-સામાનની ગુણવત્તા પ્રમાણિત કરવામાં આવતી નથી, અને તે અંગે સત્તામંડળની કોઇ જવાબદારી રહેતી નથી કે રહેશે નહીં.

(૯) આ પ્રમાણપત્રથી બાંધકામના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી કે સ્ટ્રકચરલ સ્ટ્રેન્થ પ્રમાણિત કરવામાં આવતી નથી અને તે અંગે સત્તામંડળને કોઇ જવાબદારી રહેતી નથી કે રહેશે નહીં.

(૧૦) તા:૦૯/૦૪/૨૦૧૯ ના રોજથી આપેલ બાંહેધરી મુજબ ત્રણ માસમાં ઓ.એન.જી.સીનું એન.ઓ.સી અત્રેની કચેરીએ રજુ કરવાનું રહેશે.

(૧૧) ઉપરની કોઇપણ શરતોનો ભંગ થયેથી આ વપરાશનું પ્રમાણપત્ર આપોઆપ રદ થયેલ ગણાશે.

નોંધ: માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.
ક્રમાંક:પીઆરએમ/ઉવારસદ/૨૪/૦૨/૨૦૧૬/ 4151 /૨૦૧૯
વપરાશ: રહેણાંક તથા વાણિજય
તારીખ : 11/4/19

જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર